# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૭૯..
## તારીખ.૧૩–૦૬–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી વર્ષ ૨૦૧૫–૧૬ની રીવાઈઝડ બજેટ મંજુરી મુજબની બાકી તફાવતની રકમ તથા વર્ષ ૨૦૧૬–૧૭ની મનોરંજન કર યોજનાની ગ્રાંટના સુધારેલા અંદાજ મુજબ ખંભાત નગરપાલિકાને ફાળવેલ ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના દફતરી હુકમ નંબર. મફબ/મનો.કર/ગ્રાંટ/૨૦૧૫–૧૬/રીવાઈઝડ તથા ૨૦૧૬–૧૭/વશી/૨૦૧૭/૪૫૯૩ તારીખ. ૩૧–૦૩–૨૦૧૭ મુજબ નગરપાલિકાને ફાળવેલ રૂપીયા. ૬૮,૪૦,૧૫૫/– અંકે રૂપીયા અડસઠ લાખ ચાલીસ હજાર એકસો પંચાવત પુરા ની રકમ તથા રાષ્ટ્રીય પર્વ (૨૬ મી જાન્યુઆરી ૨૦૧૭) માટેના હુકમ નંબર ક્રમાંક/આયોજન/૨૦૧૭/વશી/૬૬ તારીખ.૨૯–૦૪–૨૦૧૭ મુજબ નગરપાલિકાને ફાળવેલ રૂપીયા.૩૧.૯૧ લાખ આમ બંને રકમ મળી કુલ રૂપીયા. ૧,૦૦,૩૧,૧૫૫/– અંકે રૂપીયા એક કરોડ એકત્રીસ હજાર એકસો પંચાવન પુરાની રકમ ખંભાત શહેરમાં સી.સી.ટી.વી.સર્વેલન્સ સીસ્ટમ નાંખવા તેમજ તેને લગતો નગરપાલિકાની જગ્યામાં કંટ્રોલ રૂમ તથા આ રૂમમાં જરૂરી તમામ ફરનીચર તથા બે એ.સી. તેમજ જરૂરી તેને લગતાં જરૂરી એવા તમામ ખર્ચ કરવા અંગે સરકારશ્રીના ધારા ધોરણ મુજબ જીલ્લા શહેરી વિકાસ એજન્સી ડુડાને વહીવટી મંજુરી માટે અને જીલ્લા આયોજન મંડળને વહીવટી મંજુરી માટે મોકલવા ઠરાવવામાં આવે છે.

આ બાબતે સરકારશ્રી ની ગ્રાંટ ઉપરાંત જે કાંઈ પણ વધારાનો ખર્ચ થશે તે રકમનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે અને સરકારશ્રીની તમામ સુચનાઓ તથા ધારા ધોરણ મુજબ કામગીરી કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે નગરપાલિકા સમય મર્યાદામાં કામગીરી પુર્ણ કરશે તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે સદર કામો સરકારશ્રીની કોઈ અન્ય યોજના હેઠળ સમાવેશ થયેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રી / ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ શ્રી ને અધિકૃત કરવામાં આવે છે.

સહી.યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય<br>
ચેરમેન,<br>
એકઝીકયુટીવ કમીટી,<br>
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી.વસંતલાલ ચીમનલાલ પટેલ<br>
સહી.શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા<br>
સહી.સુમિત્રાબેન રણછોડભાઈ માછી<br>
સહી.ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા<br>
સહી.અશોકભાઈ રતીલાલ ખલાસી<br>
સહી.નગીનભાઈ રતીલાલ મહીડા<br>
સહી.પ્રકાશભાઈ નટવરલાલ પટેલ<br>
સહી.રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા<br>
સહી.શિલ્પાબેન રાજેશભાઈ પટેલ